# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ:-01** **તા.29-07-2021**

## પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહજી વાઘેલાની હાજરીમાં પ્રદેશ કિસાન મોરચાના આગામી કાર્યક્રમોને લઇને બેઠક મળી

-------

## ખેડૂત એ દેશનો આત્મા છે. રાજય સરકાર અને કેન્દ્ર સરકારની કૃષિ કલ્યાણી યોજના જન જન સુધી પહોંચે- શ્રી પ્રદિપસિંહ વાઘેલા

-------

ગુજરાત પ્રદેશ કિસાન મોરચાની બેઠક કમલમ ખાતે મળી હતી જેમાં ગુજરાત કિસાન મોરચાના આગામી કાર્યક્રમોની તૈયારી પણ કરવામા આવી હતી.રાજય સરકારના પાંચ વર્ષ પૂર્ણ થતા વિવિધ કાર્યક્રમોમાં કિસાન મોરચાને જોડાવવા આહવાન કરવામાં આવ્યું છે.આ બેઠકમાં ઉપસ્થિત પ્રદેશ ભાજપના મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીએ જણાવ્યું હતું કે ખેડૂત એ દેશનો આત્મા છે. રાજય સરકાર અને કેન્દ્ર સરકારની કૃષિ કલ્યાણી યોજના જન જન સુધી પહોચાડવા અપીલ કરી હતી . આ બેઠકમાં પ્રદેશ ભાજપના ઉપ પ્રમુખ અને કિસાન મોરચાના પ્રભારીશ્રી જયંતીભાઇ કવાડીયાએ જણાવ્યું હતું કે રાજયમાં ભાજપ કિસાન મોરચાને સંગઠનના માધ્યમથી વધુ મજબૂત બનાવી કિસાન કલ્યાણની પ્રવૃતિ સંગઠન હાથ ધરે તેમ જણાવ્યું હતું.પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખશ્રી હિતેશભાઇ પટેલએ કિસાન મોરચા દ્વારા વૃક્ષારોપણ,બલ્ડ ડોનેશન કેમ્પની સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ આગામી કાર્યક્રમો જેવા કે કિસાન સન્માન કાર્યક્રમ,કિસાન સંવાદ વરચ્યૂલ કાર્યક્રમ તેમજ જિલ્લા તાલુકાની કારોબારી આગામી સમયમાં યોજાશે તેમ જણાવ્યું હતું.

આ બેઠકમાં જીલ્લાઓના પ્રભારીઓની વરણી કરવામાં આવેલ આ બેઠકમાં કિસાન મોરચાના પ્રદેશ મહામંત્રીશ્રી હિરેન હિરપરા તથા સરદારભાઇ ચૌધરી સહિત પ્રદેશ હોદ્દેદારો તેમજ જીલ્લા મહાનગરના પ્રભારી હાજર રહેલ .

ડૉ યજ્ઞેશ દવે

**(પ્રદેશ મીડિયા કન્વીનર)**

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




